ફોજદારી કેસ નં. : ૨૫૯૬/૨૦૦૩.

**આંક–૧ હેઠળ હુકમ.**

ફરિયાદીની ફરિયાદ વંચાણે લીધી. હાલની ફરિયાદ ૨૦૦૩ ના વર્ષમાં દાખલ કરેલ છે. ત્યારબાદ આ કામે આરોપી વિરૂધ્ધનું પ્રોસેસ આરોપીને બજી આવેલ....... ત્યારબાદથી આજદિન સુધી હાલની ફરિયાદની કાર્યવાહી આગળ ચલાવવા ફરિયાદપક્ષે કોઈપણ નોંધપાત્ર તજવીજ હાથ ધરેલ નથી અને હાલની ફરિયાદ ઘણા લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ પડતર પડી રહેલ છે. અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને નયાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નંબર : ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તારીખ : ૧૮/૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ. ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે, જો ફરીયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો તેવા કિસ્સામાં અદાલતે ફરિયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સંબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચિત હોવાનું ઠરાવેલ છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરિયાદીએ ફરિયાદ દાખલ કર્યા બાદ આરોપીને પ્રોસેસની બજવણી સંબંધે તેમજ ફરિયાદની ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સંબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયીક નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચિત જણાય છે.

**હુકમ**

ફરિયાદીની ફરિયાદ ડીસમીસ ફોર ડિફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૦/૦૨/૨૦૧૮ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

Sd/-

( બી. આર. રાજપુત )
પમા અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
રાજકોટ.
**UIC No. : GJ00826**

સ્થળ : રાજકોટ.
તારીખ : ૧૦/૦૨/૨૦૧૮